અરજી સ્વીકાર્યા તારીખઃ–૧૭/૦૭ /૨૦૧૭

અરજી નોંધ્યા તારીખઃ–૧૭/૦૭ /૨૦૧૭

અરજી ફેસલ તારીખઃ– ૦૮/ ૦૧ /૨૦૧૮

સમયગાળો : વર્ષ માસ દિવસ

**મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૫ માં, મું.અમદાવાદ**

**<u>ફો.કેસ નં.૪૫૯૧૦/૨૦૧૭</u>**
**<u>આંક–</u>**

**ફરીયાદી :–** સરકાર

વિરુધ્ધ

**આરોપી :–** ચંદ્ર પ્રકાશ હરીન્દ્રમની તિવારી,
ઉ.વ.૪૦, ધંધોઃ શંશાક પ્રોવિજન સ્ટોરનો સંચાલક
તથા રેલ્વે ઈ–ટીકીટનો અવેધ વેપાર,
રહેઃ૪૪, સુમિન નગર,વસ્ત્રાલ,અમદાવાદ.
**ગુનોઃ રે. એકટની કલમ–૧૪૩** મુજબ

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.ગેટ

આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી

---

**<u>– ઠ રા વ –</u>**

**૧ઃ** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તાઃ૧૦–૦૪–૧૭ ના રોજ બનેલ બનાવ સંબંધીત આર.પી.એફ. કાંકરીયા, અમદાવાદ પોષ્ટ મારફતે ફરીયાદ નોંધવામાં આવેલ અને જે ફરીયાદ મુજબ કાર્યવાહી કરતા આ કામે આરોપી વિરુધ્ધ પ્રાથમીક

ઈન્કવાયરી દરમ્યાન તમામ રેકોર્ડ મળી આવતું હોઈ અને આરોપીએ રે. એકટની કલમ–૧૪૩ મુજબ તેઓને લાયસન્સ ન આપેલ હોય તેમ છતાં પણ ગેરકાયદેસર રીતે રેલ્વે ટીકીટોનું વેચાણ કરી કમીશન મેળવતા મળી આવેલ હોઈ તે સંબંધીત આંક–૧ ની ફરીયાદ આપેલ. .

૨: સદર કામે ફરીયાદ આર.પી.એફ. રુબરુ થતા તે સબબ ઈન્કવાયરી ચલાવી અને આરોપી વિરુધ્ધ કેસ બનતો હોઈ ફરીયાદ રીપોર્ટ ફાઈલ કરતા આરોપીને સમન્સ કરી હાજર થતા તેઓએ આંક–૧૩ થી ચાર્જ સ્વીકારવાનું જણાવતાં, આંક–૧૪ થી આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી આંક–૧૫ થી આરોપીનો જવાબ લેતા અરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે તેથી ફરીયાદપક્ષે પુરાવો લેવામાં આવેલ છે.

૩: આ કામે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**મૌખીક પુરાવો**

(૧) ત.ક.સંજય રતનલાલ યાદવનાંઓનીસોંગદ ઉપર જુબાની

(પી.એસ.આઈ. આર.પી.એફ.મણીનગર)

આંક–૦૨

**દસ્તાવેજી પુરાવો**

| | |
|---|---|
| (૧)જપ્તી પંચનામા | આંક–૦૩ |
| (૨)પ્રાથમિક પંચનામા | આંક–૦૪ |

| | |
|---|---|
| (૩)ઈ–ટીકીટ સંયુકત | આંક–૦૫ |
| (૪)મૌકાન કશા | આંક–૦૬ |
| (૫)આરોપીનો જવાબ | આંક–૦૭ |
| (૬)અટક પંચનામા | આંક–૦૮ |
| (૭)ટીકીટ બ્લોક કરવવવા માટેનો મેમો | આંક–૦૯ |
| (૮)આઈઆરસીટીસીને લખેલ પત્ર | આંક–૧૦ |
| (૯)આઈઆરસીટીસીએ મોકલેલ માહીતી | આંક–૧૧ |
| (૧૦)આરોપીનાં બેંક એકાઉન્ટની વિગત | આંક–૧૨ |

**૪ઃ** આ સિવાય ફરીયાદપક્ષે વિશેષ કોઈ પુરાવો રજુ થયો નથી. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવ્યા બાદ આરોપીનું કિ. પ્રો.કો.ક. ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવમાં આવેલ છે તેમાં આરોપીએ બચાવના સાહેદ તપાસવા નથી સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમા આરોપીએ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

**૫ઃ** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે આર. પી. એફ.ના વિ. એ.પી.પી.શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળેલ છે.

**૬ઃ** આ કેસના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– મુદ્દા –**

:૧: શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરી શકે છે કે, આ કામના આરોપીએ તાઃ૧૦–૦૪–૧૭ ના રોજ આર.પી.એફ.તપાસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ઈ–ટીકીટો પોતાનો નફો મેળવવા વેચતા મળી આવી રેલ્વે એકટની કલમ–૧૪૩ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

:૨: શું હુકમ ?

૭: ઉપરોકત મુદ્દાઓના જવાબ કારણો સહીત નીચે મુજબ છે.

૧: હકારમા

૨: આખરી હુકમ મુજબ.

૮: **– કારણો–**

મુદ્દા નંઃ ૧ સદર કામે ફરીયાદ રજુ થયેલ છે અને જણાવેલ છેકે, આ કામના આરોપીએ ગેરકાયદેસર ઈ–ટીકીટોનું વેચાણ કરેલ હોઈ જેથી તેની સામે કાર્યવાહી રેલ્વે એકટની કલમ–૧૪૩ અન્વયે કરવી તેવી ફરીયાદ આપેલ છે જેના અનુસંધાને આરોપીને સમન્સ કરતા હાજર થઈ આરોપીએ આંક–૧૩થી ચાર્જફ્રેમની પુરસીસ આપતા તેનો સ્વીકાર કરેલ છે જેથી આંક– ૧૪થી આરોપી સામે તહોમતનામુ ઘડેલ છે, અને આંક–૧૫ થી આરોપીનો જવાબ લીધેલ છે.

૯: ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૦૨ થી ત.ક.સંજય રતનલાલ યાદવનાઓને તપાસવામાં આવેલા છે તેઓ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તાઃ૧૦–૦૪–૧૭ ના રોજ બનેલો તે દિવસે તે કાંકરીયા આર.પી.એફ. ખાતા ઉપર એ.એસ.આઈ. પદ ઉપર

હતો ત્યારે ગુપ્ત સુત્રોથી માહીતી મળેલ કે, વસ્ત્રાલમાં ઓવલી શંશાક પ્રોવીઝન સ્ટોર્સમાં રેલ્વે ટીકીટોની કાળાબજારી થાય છે તેની ઉપર તેમણે એક ટીમ બનાવીને સદર દુકાને રેડ કરેલી રેડ દરમ્યાન તે દુકાન ઉપર વ્યકિતને પુછતા તેણે તેનું નામ ચંદ્ર પ્રકાશ હરીન્દર તિવારી હોવાનું જણાવેલ. તેની દુકાનેથી રેડ દરમ્યાન ૩૫(પાંત્રીસ) નંગ ઈ–ટીકીટો ,એક સીપીયુ તથા એક ડોન્ગલ તથા રૂા.૭૦૦/– રોકડા મળેલા તેને પંચોની હાજરીમાં જપ્ત કરીને કબજે કરેલ આ સંબધમાં તૈયાર કરેલ જપ્તકરેલ પંચનામું તૈયાર કરેલ તેમાં પંચો, આરોપી, રાઈટર અને તેમની સહી છે. જે આંક–૦૩ રજુ થયેલ છે. દુકાન ઉપર રેડ કરતાં પૂર્વે પ્રાથમિક પંચનામું તૈયાર કરેલું તેમાં પંચો, રાઈટર અને તેમની સહી છે રજુ દાખલ આંક–૦૪ થયેલ છે. જપ્ત કરેલી ૩૫ નંગ ઈ–ટીકીટો જેમાં દરેક પંચો, આરોપી અને રાઈટર અને રૂબરુ તરીકે તેમની સહી છે જેને સંયુકત આંક–૦૫ રજુ થયેલ છે. દુકાનનું મૌકાનકશો, પંચોની રૂબરુ કરેલ તેમાં પંચો, અને તેમની સહી છે જે રજુ દાખલ આંક–૦૬ રજુ થયેલ છે તેમજ મુદામાલ જપ્ત કરીને આરોપીને આર.પી.એફ. કાંકરીયા લઈ આવેલા અને આરોપીનો જવાબ લીધેલ જેમાં તેણે પોતાનો ગુનો કબુલ કરેલ છે જે રજુ દાખલ આંક–૦૭ થયેલ છે. આરોપીનો ગુનો રે.એ.૧૪૩ હોવાથી અટક પંચનામું આંક–૦૮થી તૈયાર કરેલ. તપાસ દરમ્યાન જપ્ત કરેલી ટીકીટોનાં પીએનઆર બ્લોક કરાવવા મેમો આપેલ તે મેમો રજુ દાખલ

આંક–૦૯ થયેલ છે. તપાસ દરમ્યાન આઈઆરસીટીસી દિલ્હીને ટીકીટોનાં સંદર્ભે આપેલ જેમાં તેમની સહી છે જે રજુ દાખલ આંક–૧૦, આઈઆરસીટીસી દિલ્હી ધ્વારા સાત પેજની માહીતી રજુ દાખલ આંક–૧૧ (સંયુકત) રજુ થયેલ છે. તપાસ દરમ્યાન આરોપીનાં બેંક એકાઉન્ટની વિગતો પ્રાપ્ત કરેલી જેમાં જપ્ત કરેલી ટીકીટોનું ભુગતાન આરોપીનાં ખાતાથી થયેલનાં જાણવા મળેલી જે રજુ દાખલ આંક–૧૨ થયેલ છે ત્યારબાદ લાગતાવળગતા સાહેદોનાં નિવેદન લીધેલા. અરોપી આજ રોજ કોર્ટમાં હાજર હોય તેને ઓળખી બતાવે છે.

**૧૦:** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ મારફતે અન્ય કોઈ સાહેદો તપાસવા નથી તેવું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરેલ હોવાનું જાહેર કરતા આ કામ આરોપીના વિશેષ નિવેદન માટે મુકવામાં આવેલ.

**૧૧:** આમ સમગ્ર રેકોર્ડ જોતાં આ કામના આરોપી વિરુધ્ધ છાપેલ રેલ્વે ટીકીટની રકમ હોય તેના કરતા વધારે રકમ મેળવી ખોટી રીતે એજન્ટ ન હોવા છતાં કમીશન મેળવી અને ગેર ઉપયોગ કરતા હોવાની ફરીયાદ છે, અને આ કામે આરોપીપક્ષે એવું પણ જણાવેલ છે કે, પોતે ચાર્જ કબુલેલ છે, અને તેને દંડ કરવામાં આવે તો દંડની રકમ ભરવા તૈયાર છે, તેવા સમયે ફરીયાદપક્ષે જણાવેલ છે કે, આ કામે આરોપીને મહત્તમ દંડ કરવામાં આવે તો ગુનાની જોગાવાઈ જોતા ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. આમ આરોપીની સામે રેલ્વે એકટની

કલમ–૧૪૩ મુજબની ફરીયાદ થયેલ હોઈ જે જોતા રેલ્વે ટીકીટો અનધિકૃત રીતે પ્રાપ્ત કરવાની, અને પુરી પાડવાનો વ્યવસાય કરવાની છે. એટલે કે કોઈ રે. કર્મચારી અથવા તો અધિકૃત કરાયેલ એજન્ટ ન હોય તે વ્યકિત મારફતે ટ્રેનમાં મુસાફરી કરવા આરક્ષીત સ્થાન માટે અથવા રેલ્વેમાં મુસાફરી માટે ટીકીટો પ્રાપ્ત કરવાનો અને પુરી પાડવાનો વ્યવસાય કરે અથવા તે અંગેની કોશીષ કરે તે બાબતની છે. અને આ બાબતની મદદગારી કરે તો પણ આના જેટલી જ જોગવાઈ છે. વધુમાં એવું પણ લખેલ છેકે, શીક્ષા માટે ખાસ અને પુરતા કારણો ન જણાવ્યા હોય તો એક મહીના સુધીની કેદ અથવા રૂા. ૫૦૦૦/– દંડથી ઓછી ન હોય તેટલી જોગવાઈ છે. જેથી આ કામે રેકોર્ડ જોતા સજાની જોગવાઈ જોતાં અને બંને પક્ષની રજુઆત જોતા આ કામે આરોપીએ ચાર્જ માટે પુરસીસ આપેલ છે. અને મૌખીક રીતે દંડ ભરવાની તૈયારી બતાવેલ છે. તથા ફરીયાદપક્ષે તે અંગે હરકત ન હોવાનું જણાવતા હોય તેવા સમયે સમગ્ર રેકોર્ડ અને રજુ થયેલ સાક્ષીની જુબાની જોતાં આ કામના આરોપી કોઈ રેલ્વે કર્મચારી કે અધિકૃત એજન્ટ ન હોઈ તેમ છતાં પણ ટીકીટની રકમ કરતા વધારે રકમ મેળવેલાનું કૃત્ય કર્યાનું સાહેદની જુબાની ઉપરથી જણાતું હોય તેવા સમયે આરોપીની સ્વીકૃતિ ન માનવાને કોઈ કારણ ન હોઈ, જેથી મુદ્દા નં:૧ નો જવાબ 'હકાર' માં આપી આરોપીને સજા બાબતે સાંભળવા મુલત્વી.

તાઃ ૦૮– ૦૧–૨૦૧૮
અમદાવાદ

( હરેશ શામળાભાઈ લાંગા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટનં: ૫, અમદાવાદ
જજ કોડ નં: ૦૧૦૦૦

**૧૨:** સજા બાબત સાંભળ્યા. ફરીયાદપક્ષે એવું જણાવેલ છેકે, આરોપીએ ચાર્જ સ્વીકાર કરેલ છે તથા આઈ.ઓ.ની જુબાની દરમ્યાન તથા દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેનો કેસ ફલીત થતો હોય, અને આરોપી પોતે જ કબુલતા હોય તેવા સમયે કોર્ટ યોગ્ય લાગે તે સજા અગર તો પુરતો દંડ કરી શકે.

જયારે આરોપી તરફે એવી રજુઆત છે કે અમારો પ્રથમ ગુનો છે . આ સિવાય બીજો કોઈ ગુનો નથી. અમારી ઉપર દયા રહેમ રાખી ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

બંને પક્ષોની રજુઆત, તમામ રેકર્ડ તથા નામદાર ઉચ્ચઅદાલતનાં ચુકાદાઓ પરિપેક્ષમાં રાખી આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપી વિરુધ્ધ રેલ્વે એકટની કલમ ૧૪૩ મુજબના ગુનામાં બંને પક્ષની રજુઆત સાંભળી મહતમ દંડ કરવો વ્યાજબી તેમજ ઉચિત જણાતું હોય આ કામે તમામ રજુઆત તથા રેકર્ડ ધ્યાનમાં રાખી આ કામે રૂ.૫,૦૦૦/–( અંકે પાંચ હજાર પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવી ઉચિત જણાતું હોય, મુદદા નં.૧નો નિર્ણય તે રીતે હકારમાં આપેલ હોઈ મુદદા નં.ર અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– ::: હુકમ ::: –**

આરોપી ચંદ્ર પ્રકાશ હરીન્દ્રમની તિવારીનાઓને ક્રિ.પ્રો. કો. કલમ:૨૪૮(૨) અન્વયે રેલ્વે એકટની કલમ–૧૪૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રુા. ૫,૦૦૦/– ( અંકે રુા. પાંચ હજાર પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેને દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ પીરીયડ બાદ મુદામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો મુદામાલ સબંધે વચગાળાનો હુકમ થયેલ ન હોય તો તે બાબતથી અલગથી ઈન્કવાયરી કરવી. તેમજ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ વિગતે ઈ ટીકીટનો નાશ કરવાનો અને રોકડ રકમ રૂા.૭૦૦/–(અંકે સાતસો પુરા) સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર જજમેન્ટની સર્ટીફાઈડ નકલ આરોપીને વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તાઃ ૦૮– ૦૧ –૨૦૧૮
અમદાવાદ

( હરેશ શામળાભાઈ લાંગા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટનં: ૫, અમદાવાદ

Lalji

જજ કોડ નં: ૦૧૦૦૦.